# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-11-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રાઝિલના રીયો ડિ જાનેરિયોમાં આયોજીત જી20 શિખર સંમેલનમાં ભાગ લેશે.
- મહારાષ્ટ્રમાં તમામ અને ઝારખંડમાં બીજા તબક્કાની બેઠકો પર ચૂંટણી પ્રચાર આજે સાંજે શાંત થશે
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસની ગુજરાતની મુલાકાતે
- મણિપુર નેશનલ પિપલ્સ પાર્ટીએ ભાજપ સરકારને આપેલો ટેકો પાછો ખેંચ્યો
- અને ઉત્તર પશ્ચિમી વિસ્તારોમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા

*********************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM G20

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બ્રાઝિલના રિયો - ડી જાનેરિયોમાં જી20 શિખર સંમેલનમાં ભાગ લેશે. દરમિયાન તેઓ વિશ્વના અન્ય નેતાઓ સાથે પણ મુલાકાત પણ કરશે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડેન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ આ બે દિવસીય સંમેલનમાં ઉપસ્થિત રહેશે. ભારત – બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા- આ ત્રણેય દેશ જી20 શિખર સંમેલનની ચર્ચામાં સક્રીય છે.

કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી મોદી વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ભારતની સ્થિતિ રજૂ કરશે, ઉપરાંત જી20ના ગત વર્ષે નવી દિલ્હીમાં મળેલા શિખર સંમેલનમાં ચર્ચા કરાયેલા મુદ્દાઓ અને તેની પ્રગતિ અંગેની ચર્ચા પણ કરશે. આ સંમેલનમાં બ્રાઝિલ દ્વારા સામાજિક સમાવેશ, ગરીબી, વિકાસ અને વૈશ્વિક સંસાધનોના સુધાર જેવા મુદ્દાઓને પ્રાથમિકતા આપે તેવી શક્યતા છે.

આ શિખર સંમેલન અનેક રીતે મહત્વનું છે, કારણ કે તે ગત વર્ષે ભારત દ્વારા નક્કી કરાયેલ પ્રાથમિકતાને આગળ ધપાવશે. ગતવર્ષે સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં આયોજીત શિખર સંમેલનમાં વૈશ્વિક નેતાઓને રશિયા યુક્રેન મુદ્દા સહિતના વિવિધ મુદ્દે સહમતી બનાવી રાજદ્વારી જીત મેળવી હતી.

# REV EVE PM NIGERIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે નાઇજીરિયાના અર્થતંત્રમાં ભારતીય મૂળના લોકોનો ફાળો મહત્વનો છે. ગઈકાલે નાઇજીરિયાના અબૂજામાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા તેમણે જણાવ્યું કે નાઇજીરિયામાં રહેતા પ્રત્યેક ભારતીય મૂળના વ્યક્તિએ દેશને ગર્વ કરવાની તક આપી છે. વધુમાં તેમણે ઉમેર્યું ભારતીય કંપનીઓ નાઇજીરિયાની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે ભારતીયો નાઇજીરિયામાં યોગને લોકપ્રિય બનાવી રહ્યા છે. નાઇજીરિયામાં હિન્દી ભાષાને લોકપ્રિય બનાવવા માટે ભારતીય સમુદાયના પ્રયાસોને કારણે હવે નાઇજીરિયાના વિદ્યાર્થીઓ પણ હિન્દી ભાષા શીખી રહ્યા છે.

આ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાઇજીરીયાના રાષ્ટ્રપ્રમુખ બોલા અહેમદ ટીનુબુ એ નાઇજીરીયાના અબુજા ખાતે દ્વિપક્ષીય મંત્રણા યોજી હતી. પ્રતિનિધિ સ્તરની આ મંત્રણામાં બંને અગ્રણીઓએ દ્વિપક્ષીય ભાગીદારી મજબુત બનાવવાની અને તેના વિસ્તરણ અંગે ચર્ચા કરી હતી. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રમાં સહકાર વધારવા સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બેઠક બાદ પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, નાઇજીરીયા સાથેની વ્યુહાત્મક ભાગીદારીને ભારત ટોચની અગ્રતા આપે છે.

પ્રધાનમંત્રીએ નાઇજીરિયાનો પ્રતિષ્ઠિત પુરસ્કાર ગ્રાન્ડ કમાન્ડર ઑફ ધ ઓર્ડર ઑફ ધી નાઇજર આપવા બદલ નાઇજિરીયાના રાષ્ટ્રપ્રમુખનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ભારતે નાઇજીરીયાના પૂર અસરગ્રસ્તો માટે માનવતાના ધોરણે વીસ ટન સહાય મોકલવાની જાહેરાત કરી હતી.

# MAHA ELECTION

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટેના પ્રચાર પડઘમ પણ આજે સાંજે શાંત થશે. રાજ્યની ૨૮૮ બેઠકોની ચુંટણી માટે ૨૦મી નવેમ્બરે મતદાન થશે. આ બેઠકો ઉપર ચાર હજાર ૧૩૬ ઉમેદવારોએ ચુંટણી જંગમાં ઝુકાવ્યું છે. જેમાં ત્રણ હજાર ૭૭૧ પુરુષ ઉમેદવારો છે, જયારે ૩૬૩ મહિલા ઉમેદવારો છે.

દરમિયાન ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાના ભાજપ અને કોંગ્રેસને પાઠવેલી નોટીસનો બંને પક્ષોએ આજે બપોર સુધીમાં જવાબ આપવાનો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન આદર્શ આચારસંહિતાના ભંગ બદલ ચૂંટણી પંચે ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કોંગ્રેસ અધ્યક્ષ મલિક્કાર્જુન ખડગેને અલગ અલગ નોટિસ પાઠવી હતી.

# JHARKHANDELECTION

ઝારખંડ વિધાનસભાની બીજા તબકકાની ચૂંટણી માટેનો પ્રચાર આજે સાંજે પૂરો થશે. બંને રાજયોમાં વિવિધ પક્ષના આગેવાનોએ મતદારોને રીઝવવા ચુંટણી પ્રચાર વેગવાન બનાવ્યો છે. ઝારખંડ વિધાનસભાની ૩૪ બેઠકો માટે બીજા તબકકામાં ૨૦ નવેમ્બરે મતદાન થશે અને ૨૩મી એ મતગણતરી હાથ ધરાશે. આ તબક્કામાં દુમકા, શિકારીપાડા, દોઓઘર અને લાતિપુરા જેવી મહત્વની બેઠકો સામેલ છે. આજે પ્રચારના અંતિમ દિવસે ઝારખંડ મુક્તિ મોર્ચાના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમેંત સોરેન સાહેબગંજ, ગોડ્ડા, દુમકા, દેઓઘર અને રાંચીમાં ચૂંટણીસભાઓ કરશે.

આ તરફ ભાજપના નેતા અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ સાહેબગંજ, જામતારા તેમજ દેઓઘરમાં ચૂંટણી પ્રચાર કરશે. કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણ બરિહૈત, ધનબાદ અને બોકારોમાં રોડ શૉ કરશે. ઇન્ડી ગઠબંધન માટે રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ સહિત વિવિધ પક્ષોના નેતાઓએ આજે મતદારોને રિઝવવાનો અંતિમ પ્રયાસ કરશે.

દરમિયાન ચૂંટણી પંચે ઝારખંડ વિધાનસભાની ચુંટણીના જાહેર પ્રચારના સમયગાળા પછી મતદારોને મતદાન માટે અપિલના સંદેશા નહી મોકલવાની સુચના આપી છે. મુખ્ય ચુંટણી અધિકારી કે. રવી કુમારે બધા જ જીલ્લા વહીવટી તંત્રોને આ અંગે સુચના આપી છે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતની મુલાકાતે આવશે. ગાંધીનગરના સાંસદ શ્રી શાહ આજે સાંજે સાત વાગે ઓગણજ પાસેના એક ફાર્મ ખાતે ઘાટલોડિયા વિધાનસભા સ્નેહ મિલન સમારોહમાં ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી ખાતે સાયન્સ કોંગ્રેસના કાર્યક્રમમાં હાજરી આપશે..

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# MANIPUR

મણિપુર નેશનલ પિપલ્સ પાર્ટીએ બિરેનસિંહ સરકારને આપેલું સમર્થન પાછું ખેંચી લીધું છે. નેશનલ પિપલ્સ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ કોનરાડ સંગમાએ ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ જે. પી. નડ્ડાને આ વિશે જાણ કરી હતી. મણીપુર વિધાનસભામાં નેશનલ પિપલ્સ પાર્ટીના 7 અને ભારતીય જનતા પક્ષના 32 ધારાસભ્યો છે.

હાલ રાજ્યની બિરેનસિંહ સરકારને એનપીએફ, જનતા દળ યુનાઇટેડ અને અપક્ષ ઉમેદવારનું સમર્થન છે. શ્રી સંગમાએ પોતાના પત્રમા રાજ્યના કાયદો વ્યવસ્થાની સ્થિતિનો હવાલો આપતા કહ્યું છે કે રાજ્ય સરકાર વર્તમાન સંકટની સ્થિતિમાં ઉકેલ શોધવામાં તેમજ સ્થિતિને સામાન્ય કરવામાં નિષ્ફળ રહી છે

# GAHLOT RESIGNATION

દિલ્હીના પરિવહન મંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા કૈલાશ ગોહલતે પાર્ટીમાં રાજીનામું આપ્યું છે. તેમણે આપના સંયોજક અરવિંદ કેજરીવાલને લખેલા પત્રમાં કહ્યું છે કે પાર્ટી હાલ ગંભીર પડકારોનો સામનો કરી રહી છે. તેમણે આક્ષેપ કર્યો કે રાજકીય મહત્વકાંક્ષાઓને કારણે નાગરિકો પ્રત્યેની પક્ષની પ્રતિબદ્ધતા ઘટી છે.

દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં દિલ્હી ભાજપના અધ્યક્ષ વિરેન્દ્ર સચદેવાએ આપ નેતાના રાજીનામાને હિંમતભર્યું પગલું ગણાવ્યું હતું. તો આપના સાંસદ સંજયસિંહે કૈલાશ ગહલોતના રાજીનામાને ભાજપનું કાવતરું ગણાવ્યું.

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટવાની આગાહી કરી છે.

દરમિયાન આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કિમ, પશ્ચિમ આસામ, મેઘાલય અને બિહારના જુદા જુદા વિસ્તારોમાં ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસ રહેવાની શક્યતા છે. આ તરફ તમિલનાડુ, પુડુચેરી, કોડાઈકેનાલ, કેરળ તેમજ માહેરમાં વાવાઝોડા અને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# HASINA-EXTRADITION.RTF

બાગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યૂનુસે કહ્યું છે કે વચગાળાની સરકાર ભારત સમક્ષ પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસિનાના પ્રત્યાર્પણની માગ કરશે. શેખ હસિના સરકારના પતન બાદથી ભારતમાં છે. વચગાળાની સરકારના 100 દિવસ પૂર્ણ થયા પ્રસંગે રાષ્ટ્રજોગ સંબોધન કરતા મુહમ્મદ યુનૂસે જણાવ્યું કે તેમની સરકાર નાગરિકોની સુરક્ષા સુનિશ્ચત કરવાના પ્રયાસો ચાલુ રાખશે.

8 ઑગસ્ટના રોજ પદ સંભાળનારા યૂનુસે દાવો કર્યો છે કે શેખ હસિના સરકાર વિરુદ્ધ થયેલા પ્રદર્શનોમાં વિદ્યાર્થીઓ તેમજ શ્રમિકો સહિત 1500 લોકોના મોત થયા છે, જ્યારે લગભગ 20 હજાર લોકો ગંભીર રીતે ઘવાયા. ઉલ્લેખનીય છે કે વિવાદાસ્પદ નોકરી અનામતના બિલને લઈને બાંગ્લાદેશમાં મોટા પાયે દેખાવો શરૂ થયા બાદ શેખ હસિનાએ પ્રધાનમંત્રી પદેથી રાજીનામું આપી ભારતમાં શરણ લીધી હતી.

# SL- SWEARING-IN CEREMONY

શ્રીલંકાની સરકારના નવા મંત્રીમંડળનો શપથ ગ્રહણ સમારોહ આજે રાષ્ટ્રપતિ સચિવાલય ખાતે રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેની હાજરીમાં યોજાશે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર રાષ્ટ્રપતિ 23 સભ્યોની કેબિનેટની નિમણૂક કરવાની યોજના ધરાવે છે. જેમાં સંરક્ષણ અને નાણાં વિભાગ તેમના નેતૃત્વ હેઠળ રાખવામાં આવશે. ડૉ. હરિની અમરાસૂર્યાને પ્રધાનમંત્રી તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવશે, જ્યારે વિજીતા હેરાથ વિદેશમંત્રી રહશે.

ઉલ્લેખનીય છે કે, સત્તાધારી નેશનલ પીપલ્સ પાવર એલાયન્સે સંસદીય ચૂંટણીમાં 225 બેઠકોમાંથી 159 બેઠકો જીતી હતી. સપ્ટેમ્બરની શરૂઆતમાં, NPP નેતા અનુરા કુમારા દિસાનાયકે તેમના ભ્રષ્ટાચાર વિરોધી અને આર્થિક સુધારણા અભિયાનના બળ પર રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી હતી.

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર
# રજૂ કરે છે અનિલ પટેલ

- આજે મોટા ભાગનાં અખબારોએ મણિપુરમાં હિંસાના સમાચારને હેડલાઇન બનાવી છેઃ ગુજરાત સમાચારનું શિર્ષક છે-મણિપુરમાં હિંસાનો જ્વાળામુખી બેકાબુઃ અમિત શાહ મહારાષ્ટ્રનો પ્રચાર છોડી દિલ્હી આવ્યા.
- સંદેશની હેડલાઇન છે-એનપીપીએ મણિપુરની ભાજપ સરકારને ટેકો પાછો ખેંચ્યો
- ડેનમાર્કની 21 વર્ષીય વિક્ટોરિયા કેજેર થિલવિલ મિસ યુનિવર્સ બની – આ સમાચાર નવગુજરાત સમયમાં પ્રથમ પાને છે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નાઇજિરીયાની સરકાર દ્વારા ટોચનાં સન્માનની જાહેરાતનાં સમાચાર તમામ દૈનિકોમાં પ્રથમ પાને છે.
- દિલ્હીના મંત્રી કૈલાશ ગહેલોતનાં રાજીનામાનાં સમાચાર પણ અનેક અખબારોએ પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- દિવ્ય ભાસ્કર સ્થાનિક પાના પરનાં અહેવાલમાં જણાવે છે કે- આયુષ્યમાન કાર્ડમાં હવે પુરાવા આપવા પડશેઃ એન્જિયોગ્રાફીની સીડી પણ જોડવી પડશે.
- સંદેશે માઉન્ટ આબુ ત્રણ ડિગ્રી સાથે ઠંડુગાર- ગૂરુશિખર પર એક ડિગ્રી -એવા શિર્ષક સાથે તસવીર પ્રકાશિત કરી છે.
- આ ઉપરાંત, ઇઝરાયેલના પ્રધાનમંત્રી નેતન્યાહૂનાં ઘરે ફરી હૂમલો, ડીઆરડીઓ દ્વારા લાંબા અંતરની હાઇપરસોનિક મિસાઇલનું સફળ પરીક્ષણ, દિલ્હીમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિ, કાશ્મીરમાં હિમપાત, જેવાં સમાચારોને પ્રથમ પાને સ્થાન આપવામાં આવ્યું છે.